# નવસારી કૃષિ યુનિવર્સિટી,
# નવસારી

## :: પરિપત્ર ::

આથી આ યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીઓને જણાવવા નું કે, આપની કચેરીના પગાર બીલ દર માસે પાસિંગ માટે તિજોરી કચેરીમાં રજુ કરવામાં આવે છે ત્યારે જે તે માસના પગાર/ભથ્થા/કપાતના તફાવત ફેરફાર થયેલ હોય તેના પત્રકો પગાર બીલ સાથે જોડવામાં આવતા નથી, જેના કારણે પગાર બીલ ચકાસણીમાં મુશ્કેલીઓ સર્જાય છે, તેમાં કેટલાક કિસ્સાઓમાં ખોટી આકારણી થવાથી ખોટી ચૂકવણી પણ થાય છે જેથી આ ક્ષતિ નિવારવા માટે જે તે માસમાં પગાર સુધારણા/કપાત બાબતે જે કોઈ ફેરફાર થયેલ હોય તેની વિગત દર્શાવતું પત્રક યુનિ. ના ERP સોફ્ટવેરમાં પે–રોલ મસ્ટરમાં સેલરી ડીફરન્સ રજીસ્ટર ઉપલબ્ધ છે, જે પગાર બીલ અપડેટ થતાંની સાથે ડીફરન્સપત્રક પણ અપડેટ થઈ જાય છે, તેની પ્રિન્ટઆઉટ કાઢી નિયત નમુનામાં પ્રમાણપત્ર સાથે હવે પછી રજુ થનાર દરેક પગાર બીલ સાથે અચૂક જોડવાનું રહેશે. તો તે પ્રમાણે અમલ કરવા જણાવવામાં આવે છે. ડીફરન્સ પત્રક જોડેલ હશે તેવાજ પગાર બીલ પાસ કરવામાં આવશે જેની નોંધ લેવી.

**<u>ગત માસ અને ચાલુ માસ માટે આકારેલ પગાર ભથ્થા/કપાત ના તફાવત બાબતે આપવાનું પ્રમાણપત્ર</u>**

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ગત માસ માહે...................... ના પગાર બીલમાં આકારેલ અને ચાલુ માસ માહે ..........................થી આકારેલ પગારબીલ વચ્ચે તફાવતની રકમ રૂ...................... થાય છે જેની કચેરીના રેકર્ડ સાથે ચકાસતા બરાબર માલુમ પડેલ છે. જેની ખાત્રી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સદર પરિપત્ર હિસાબ નિયામકશ્રી ની સંમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

જા.નં. નકૃયુ/વવહિઅ/બી–૨/ ૭૦૬૪ /૨૦૧૯
નવસારી તારીખ : ૧૯/૧/૨૦૧૯

(સહી)
વહીવટી–વ– હિસાબી અધિકારી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

D:\B5\B-5 I. T PARIPATRA